# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


પગાર/એરીયર્સ/૨૦૨૫/ 12398 તા.૨૮/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ.
સુરત, જિલ્લો-સુરત.

**વિષય: તા.૧૫/૧૧/૨૦૨૫ની સ્થિતિએ ચૂકવવાના બાકી એરીયર્સ બીલો રજૂ કરવા બાબત.**

**સંદર્ભ: હિસાબી અધિકારી, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક: COS/NNP/e-file/276/2025/1280/ Account, તા.૦૬/૧૦/૨૦૨૫**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૧૫/૧૧/૨૦૨૫ની સ્થિતિએ ચૂકવવાના બાકી **એરીયર્સ બિલો (રજા રોકડ રૂપાંતર, પગાર એરીયર્સ, મોંઘવારી તફાવત, મેડીકલ બીલો, એલ.ટી.સી. બિલો)** તા.૧૫/૧૧/૨૦૨૫ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં અચૂક રૂબરૂ રજૂ કરવાના રહેશે. ઉક્ત બિલોના આધારે વડી કચેરીએથી બિલોના ચૂકવણા સંદર્ભે ગ્રાન્ટ માંગવાની થતી હોય સમયમર્યાદામાં બિલો રજૂ કરવાનાં રહેશે. જે ધ્યાને લેશો.

**નોંધ:** (૧) બીલો રજૂ કરવામાં આવેલ કર્મચારીઓનાં ખાતાની વિગતોની એન્ટ્રી IFMS માં કરવાની હોઈ,કર્મચારીઓના ખાતાનો કેન્સલ ચેક અથવા પાસબુકની પ્રથમ પેજની સ્પષ્ટ નકલ ફરજીયાત મેન્યૂઅલ બીલ સાથે જોડી આપવાની રહેશે.

(૨) આપની કક્ષાએથી અગાઉ જે બીલો રજૂ કરવામાં આવ્યા છે તે સિવાયનાં બીલો જ અત્રે રજૂ કરવાના રહેશે.

(૩) સદર બીલોનું અગાઉ ચૂકવણું થયેલ નથી જે બાબતનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીલ સાથે ફરજીયાત રજૂ કરવાનું રહેશે.

(૪) ઉક્ત મેન્યૂઅલ બીલોમાં નીચે જણાવ્યા મુજબના આધારો સામેલ રાખી બીલ રજૂ કરવાનું રહેશે.

- નોંધ પાનું
- શાળાનો ફોરવર્ડીંગ લેટર
- કચેરી આદેશ (૨ નકલમાં)
- FORM G.T.R 62-C (૨ નકલમાં)
- ફોર્મ નં.૧ (ભાગ-૧) (૨ નકલમાં)
- બીલમાં જરૂરી ગણતરી પત્રક અને સાધનિક આધારો.

(૫) રજા રોકડ રૂપાંતરના બિલમાં નિવૃત કર્મચારીનાં સેવાપોથીનાં રજાનાં હિસાબના છેલ્લા પાનાં પર માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીવાળું પેજ મૂકી બિલ રજૂ કરવાનું રહેશે.

(૬) નિવૃત કર્મચારીનાં મોંઘવારી તફાવતનાં બિલના કિસ્સામાં ગણતરી પત્રક અને પી.પી.ઓ. નકલ બિલ સાથે અચૂક જોડવી.

(૭) એલ. ટી. સી. બિલોની દરખાસ્ત નિયત નમૂનાના ચેકલીસ્ટ મુજબ કરવાની રહેશે તેમજ સરકારશ્રીનાં પ્રવર્તમાન રેલ્વે ફેર ચાર્ટ મુજબ મુસાફરીની ગણતરી કરી બિલ રજૂ કરવાનું રહેશે.

(૮) ઉચ્ચત્તર પગાર ધોરણ તફાવતના બિલમાં પત્રક-૪ તથા પગાર ચકાસણી એકમ, ગાંધીનગર દ્વારા થયેલ પગાર બાંધણીની સેવાપોથીના પાનાની નકલ તેમજ છેલ્લા પગારનાં માસની ઓ.સી. કોપી અને ઉચ્ચત્તર પગારધોરણ શરુ કર્યા માસની પગારની ઓ.સી. કોપી ફરજીયાત સામેલ રાખવી.

હિસાબી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ. સુરત.